**BRAMPTON** **Media Release**

ત્વરિત જાહેરાત માટે

## બ્રૅમ્પટન સમર આર્ટિસ્ટ માર્કેટમાં

## સ્થાનિક લોકો પાસે ખરીદી કરો અને બ્રૅમ્પટનના કલા સમુદાયને સમર્થન આપો

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (12 જુલાઈ 2022) – સિટી ઓફ બ્રૅમ્પટન આર્ટ્સ, કલ્ચર એન્ડ ક્રિએટિવ ઈન્ડસ્ટ્રી ડિવલપમેન્ટ એજન્સી (ACCIDA) રહેવાસીઓને તેમના સહુ પ્રથમ સમર આર્ટિસ્ટ માર્કેટ ખાતે સ્થાનિક કલાકારોને સમર્થન આપવા અને બ્રૅમ્પટનના કલા સમુદાય સાથે પરિચય કેળવવા આમંત્રણ પાઠવે છે. શનિવારના રોજ, જુલાઈ 16ના દિને સવારે 11 થી સાંજે 5 વાગ્યે સમર આર્ટિસ્ટ માર્કેટમાં 25 જેટલા બ્રૅમ્પટનના કલાકારો તેમજ સ્થાનિક કલા સંસ્થાનો દ રોઝ બ્રૅમ્પટન ખાતે ભાગ લેશે જેમાં સામેલ છે:

- 905ink
- અબિઓલા ઈડોવુ (Abiola Idowu)
- અદિતિ ગનીવ સાંગવાન (Aditi Ganeev Sangwan)
- ઍનમેરિ ક્લૉડેટ આર્ટ (Annemarie Claudette Art)
- આર્ટ બાય અનિતા પિત્રાસ (Art By Anita Pietras)
- અર્ટ ઓન મિલ સ્ટ્રીટ (Art on Mill Street)
- આર્ટિસનવર્ક્સ (ArtisanWorks)
- બ્રૅમ્પટન ક્વિલ્ટર્સ ગિલ્ડ (Brampton Quilters Guild)
- બ્રોડનિંગ હોરાઈઝન્સ (Broadening Horizons)
- કાર્લેના ઝૉ (Carlena Jean)
- એમ્મબેલિશ્ડ (Emmmbellished)
- ગૅલેરી 22 કલેક્ટિવ (Gallery 22 Collective)
- હનીન અર્શદ (Haneen Arshad)
- HJEM Co
- જુલિઆ લૂઈ પરેરા (Julia Louise Pereira)
- લ સાર્જ ક્રિએશન્સ (Le Sarge Creations)
- લક્સ બાય નોની (Luxe by Nonie)
- મીગન લીમ (Meegan Lim)
- મેલિસાઝ.હેન્ડમેડ્સ (melissas.handmades)
- રિકિ લિમા (Ricky Lima)
- સાગવા (sagwa)
- દ ઈનપ્રિન્ટ કલેક્ટિવ (The inPrint Collective)
- દ પેપર નરવ્હાલ (The Paper Narwhal)
- વિકિ રુપી લેપિ (Vicki Ruple Lepe)
- વિઝ્યુઅલ આર્ટ્સ બ્રૅમ્પટન (Visual Arts Brampton)

ડી જે રોશની દ્વારા પિરસાયેલ લાઇવ મ્યુઝિક માણતા અને અરસપરસ પરિચય વધારતા વધારતા પેઇન્ટિંગ્સ, પ્રિન્ટ્સ, સિરામિક્સ, ઘરેણાં અને બીજી ઘણી વસ્તુઓ સહિત વિવિધ કલાકૃતિઓ ખરીદો. સમર આર્ટિસ્ટ માર્કેટમાં હોવ ત્યારે બ્રૅમ્પટન ફાર્મર્સ માર્કેટની પણ મુલાકાત લો જેનું આયોજન મેરિડિયન ક્રેડિટ યુનિયને સવારે 8 થી બપોરે 1 વાગ્યા સુધી કર્યું છે જે જ્યોર્જ સ્ટ્રીટ અને મેઇન સ્ટ્રીટ સાઉથની વચ્ચે વેલિંગ્ટન સ્ટ્રીટ પર અને ગેજ પાર્કમાં સ્થિત છે.

ACCIDA વિશે વધુ અહીં જાણો અને ઈવેન્ટની સંપૂર્ણ વિગતો અહીં મેળવો.

**Transformation underway in Downtown Brampton**

Downtown Brampton is undergoing a transformation. રિજન ઓફ પીલ એક પરિયોજના ચલાવી રહ્યા છેજેમાં વોટરમેઇન અને વિસ્તારની ગટરની લાઇનો બદલવામાં આવી રહી છે. તેના પરિણામે ઘણા બધા માર્ગો બંધ છે. સમર આર્ટિસ્ટ માર્કેટ તરફ જતા પહેલા મહેરબાની કરીને યોગ્ય આયોજન કરશો.

નગરપાલિકાના પાર્કિંગ અપડેટ અહીં મળશે brampton.ca અથવા ત્યાં પહોંચવા માટે બ્રૅમ્પટન ટ્રાન્ઝિટનો ઉપયોગ કરશો. આની મદદ લઈને પહેલેથી તમારી સફરનું આયોજન કરશો ટ્રિપલિંક્સ (Triplinx)

**માર્કેટ સ્ક્વેર પાર્કિંગ ગેરેજ**
માર્કેટ સ્ક્વેર પાર્કિંગ ગેરેજની જાળવણીના ઈરાદે સિટી ઓફ બ્રૅમ્પટન તેનું સમારકામ કરી રહ્યા છે જેના પરિણામે તે હંગામી ધોરણે જુન 27 થી જુલાઇ 22, 2022 સુધી બંધ રહેશે.

નીચે આપેલ નગરપાલિકાના પાર્કિંગ લોટ્સ અને ગ્રેજોમાં વ્યવસાયો અને મુલાકાતીઓને ડાઉનટાઉન બ્રૅમ્પટનમાં પાર્કિંગ મળવાનું ચાલુ રહેશે.

- જૉહ્ન સ્ટ્રીટ પાર્કિંગ ગેરેજ, 16 જૉહ્ન સ્ટ્રીટ
- સિટી હૉલ પાર્કિંગ ગેરેજ, 2 વેલિંગ્ટન સ્ટ્રીટ વેસ્ટ
- વેસ્ટ ટાવર પાર્કિંગ ગેરેજ, 41 જ્યોર્જ સ્ટ્રીટ
- નેલસન સ્ક્વેર પાર્કિંગ ગેરેજ, 9 ડિપલોક લેન
- જ્યોર્જ સ્ટ્રીટ નોર્થ સર્ફેસ પાર્કિંગ લોટ, 20 જ્યોર્જ સ્ટ્રીટ નોર્થ

**ACCIDA વિષયક**

આર્ટસ, કલ્ચર એન્ડ ક્રિએટિવ ઈન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ એજન્સી એક અનન્ય સંસ્થા છે જે સિટી ઓફ બ્રૅમ્પટનમાં વિકસી છે જેનું ધ્યાન આ સેક્ટરની હિમાયત કરવા પર, તેને કેવી રીતે પ્રોત્સાહિત કરવી તેના પર અને વિવિધ પ્રોગ્રામ, સેવા અને સંસાધનોના માધ્યમથી અરસપરસ જોડાણો કરવા પર કેન્દ્રિત છે. ACCIDA સિટીના મહત્ત્વકાક્ષી કલા, સંસ્કૃતિ અને સર્જનાત્મક ઉદ્યોગોનું સ્વપ્ન સાકાર કરવા માટે તેના ચાવીરૂપ ભાગીદાર છે જેની રૂપરેખા સિટીના સ્ટ્રેટેજિક વિઝન એન્ડ કલ્ચર માસ્ટર પ્લાનમાં દર્શાવાઇ છે.

**BRAMPTON**

**Media Release**

**સુવાક્યો**

"આર્ટસ, કલ્ચર એન્ડ ક્રિએટિવ ઈન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ એજન્સી બ્રૅમ્પટનના કલા સમુદાયને એકમેક સાથે જોડવાનું કાર્ય જોશભેર કરી રહ્યા છે. હું સમર આર્ટિસ્ટ માર્કેટપ્લેસ ખાતે જુલાઈ 16ના રોજ અમારી સાથે બધાં રહેવાસીઓને જોડાવા પ્રોત્સાહિત કરું છું જેથી બ્રૅમ્પટનના કલાકારો સાથે અને કલા સંસ્થાનો સાથે પરિચય થઈ શકે અને સ્થાનિક લોકોને સમર્થન આપીને ખરીદી કરી શકાય."

*- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"સમર આર્ટિસ્ટ માર્કેટપ્લેસ માટે અમારી સાથે જુલાઈ 16ના રોજ દ રોઝ ખાતે જોડાઓ! 25 સ્થાનિક આર્ટિસ્ટ વિક્રેતાઓ અને સંસ્થાઓ સાથે દરેક વ્યક્તિ માટે કંઈકને કંઈક રસ પડે એવું હશે. આપણી સ્થાનિક આર્ટ્સ કમ્યુનિટીને મદદરૂપ થાઓ અને સ્થાનિક વિક્રેતાઓ પાસેથી માલ ખરીદો. અમે આપને ત્યાં જોવા માટે ઉત્સુક છીએ!*

*- રોવેના સાન્તોસ, રીજનલ કાઉન્સિલર, વૉર્ડ 1અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસિસ, સિટી ઓફ બ્રૅમ્પટન; કાઉન્સિલ પેનલ સભ્ય, આર્ટ્સ કલ્ચર એન્ડ ક્રિએટિવ ઈન્ડસ્ટ્રી ડેવેલપમેન્ટ એજન્સી*

સિટી ઓફ બ્રૅમ્પટન આપણા શહેરમાં કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે, સ્થાનિકને ટેકો આપે છે અને આપણા સમુદાયના બધા જ માટે ઉનાળામાં જોરદાર ઈવેન્ટ્સની લહાણી કરે છે – ACCIDA નું સમર માર્કેટપ્લેસમાં આ ત્રણે વસ્તુઓ એકસાથે જોવા મળશે. સ્થાનિક કલાકારો અને આર્ટ્સ સંસ્થાઓ સાથે જોડાઓ અને 16 જુલાઈએ સ્થાનિક વસ્તુઓ અને લોકો પાસેથી ખરીદી કરો."

*- પૉલ મોરિસન (Paul Morrison), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર , સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca